જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૯/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૪૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૪૦૭ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૯૨ બીયર ટીન, ૦૧ કાર, ૦૧ રીક્ષા અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તથા જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨,૧૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૪૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. અને પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૪૪/૨૦૨૫**

ક્રાઇમ બ્રાન્ચઃ ભૌમિકભાઇ રમેશભાઇ પટેલ (ઉ.વ.૩૩)(રહે. ધરતી સાકેત આઇકોન, આસ્થા એમરલ્ડ સામે, ઘાટલોડીયા) એ તા.૦૩/૦૯/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૫/૨૦૨૨ થી તા.૧૮/૦૧/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી શિતલબહેન ગોપાલભાઇ પંચાલ (ડી.એમ.કોર્પોરેશનના પ્રોપરાઇટર ઓફીસ:–સુમેલ–૬, દુધેશ્વર રોડ, દુધેશ્વર, માધવપુરા) (રહે, મારૂતિ એપાર્ટમેન્ટ, નિલિમા પાર્ક ભૈરવનાથ રોડ, મણીનગર તથા સિલ્વર લાઇન હાથીજણ) એ તેમની ડી.એમ. કોર્પોરેશન ખાતે તેમજ ભૌમિકભાઇ પટેલની ઓફીસ– શિવમ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક, પરીખ પેકેજીંગની ગલીમાં, મોરૈયા તા–સાણંદ જી–અમદાવાદ ખાતે ભૌમિકભાઇ પટેલની મેકલાઇન ફાર્માસ્યુટીકલ્સ ફર્મ પાસેથી તેઓની ડી.એમ.કોર્પોરેશન ફર્મના નામે અલગ–અલગ દવાના રો–મટીરીયલ્સના માલનો ઓર્ડર આપી, આ માલ મેળવી લઇ તે માલના લેણા રૂપિયા સમય મર્યાદામાં ચૂકવી આપવાનો ભરોસો આપી, કુલ લેણા રૂપિયા ૬,૫૦,૫૪,૭૦૪/– નહીં ચૂકવી ભૌમિકભાઇ પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એ.પટેલ ચલાવે છે.

બાલ્કનીમાંથી નીચે પડી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૨૪૫/૨૦૨૫**

રામોલઃ રામોલ અદાણી સર્કલ પાસે વાંચ રોડ દેવાશ્રયસીટી મકાન નંબર સી/૪૧૬ ખાતે રહેતા કાર્તિકેશ્વર રાજેન્દ્રપ્રસાદસિંગ રાજપુત (સિંગ) નાઓનો ૬ વર્ષનો પુત્ર દેવાશ્રય સીટી મકાન નંબર સી/૪૦૩ ખાતે સંબંધીના ગયો હતો. જ્યાં ૩૧/૦૮/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા રમતા–રમતા બાલ્કનીમાંથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૯/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગે તેનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જેરામભાઇ વાલજીભાઇ ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૨૪૬/૨૦૨૫**

આનંદનગરઃ કુબેરનગર ભાર્ગવ રોડ વી.વી.તોમર સ્કુલ કિસ્મતનગર સોસાયટી ખાતે ભાઇના મકાનમાં રહેતા વિકાસકુમાર બબનભાઇ રાય (ઉ.વ.૨૩)(મુળ વતન.કેરવા, બિહાર) અને ભાઈ સાથે સર્વીસ ડાઇનેમીક નામની કંપની તરફથી એ.સી.સર્વીસ એન્ડ રીપેરીંગનું કામ કરતા હતા. તા.૦૩/૦૯/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ઓફીસ નંબર–૦૦૧, ૧૦૧,૧૦૨ ટાઇટેનીયમ સેટી સેન્ટર ગ્રાઉન્ડ ફલોર ૧૦૦ ફુટ રોડ આંનદનગર ખાતે એ.સી.રીપેરીંગ કામ કરવા માટે ગયા હતા જ્યાં આઉટ ડોર એ.સી.ચેક કરવા ઓફીસની બહાર ફસ્ટ ફલોર ઉપર લગાવેલ આઉટ ડોર એ.સી.ના કોપર પાઇપ ઉપર હાથ મુકતા વીજ કંરટ લાગતા, સારવાર અર્થે તેમને એસ.વી.પી.હોસ્પીટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તા.૦૩/૦૯/૨૦૨૫ બપોરના ૨/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યુ હતુ. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભેમજીભાઇ દેવરાજભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૨૪૭/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ (૧) અનિશા ઉર્ફે અનુ ડો/ઓ ભુરાલાલ યાદવ (ઉ.વ.૧૯)(રહે.વૃંદાવન આવાસ ઔડાના મકાન, વસ્ત્રાપુર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૯/૨૦૨૫ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે રહેણાંક મકાનમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિરૂધ્ધસિંહ બળવંતસિંહ ચલાવે છે.

વસ્ત્રાપુરઃ (૨) મનોજકુમાર પોપટલાલ પુજારા (ઉ.વ.૫૭)(રહે. "ઈ" ટાઇપ ટાવર, વસ્ત્રાપુર સરકારી વસાવત વસ્ત્રાપુર)એ અગમ્ય કારણસર તા.૦૩/૦૯/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે હીંચકાના કડા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હાર્દિકભાઈ મયુરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી